MADHUBUN®

# મધુકુંજ

## ગુજરાતી પાઠમાળા 1

@Madhubun Educational Books

# બે શબ્દો

### મધુકુંજ ગુજરાતી પાઠમાળા-૧ (ધોરણ-૧)

શિક્ષક મિત્રો દ્વારા 'મધુકુંજ' ગુજરાતી પ્રવેશિકાને મળેલ આવકાર બદલ અમે આપનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. ગુજરાતી ભાષા શીખવા ઉત્સુક બાળકો માટે મધુકુંજ પાઠમાળા-૧ પ્રસ્તુત કરતાં અમે હર્ષની લાગણી અનુભવીએ છીએ.

પુસ્તકનું નિર્માણ બાળકોના સર્વાંગીણ વિકાસના લક્ષ્યને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યું છે. આ પુસ્તકમાં બાળમનોવિજ્ઞાનને અનુલક્ષીને વિવિધ સચિત્ર પાઠ અને પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવેલ છે.

### મધુકુંજ પાઠમાળા-૧ મુખ્ય આકર્ષણો :

* ભાષાના વિવિધ કૌશલ્યો જેમ કે — સાંભળવું, વાંચવું, બોલવું, લખવું, (listening, speaking, reading, writing and HOTS) વગેરેનો વિશેષ અભ્યાસ.
* વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા મૌખિક ભાષા તેમજ શબ્દભંડોળને સમૃદ્ધ કરવાનો પ્રયાસ.
* શબ્દભંડોળમાં વૃદ્ધિ અને શુદ્ધ ઉચ્ચારણ માટે વિશેષ પ્રયાસ.
* પાઠ અને પ્રવૃત્તિઓ દ્વારા જીવનમૂલ્યો ખીલવવાનો પ્રયાસ.
* સુંદર ચિત્રાત્મક આલેખન દ્વારા બાળકોની અવલોકન શક્તિ વિકસાવવાનો પ્રયાસ.
* બાળકોની રુચિ અને ભાષા સ્તરને ધ્યાનમાં રાખીને પ્રત્યેક માત્રાવાળા સરળ અને રસપ્રદ પાઠોની રચના. જેથી બાળકો જાતે વાંચી શકશે.
* વિવિધ પ્રકારની રસપ્રદ પ્રવૃત્તિઓ. તેમજ પ્રત્યેક માત્રા પર આધારિત અભ્યાસ.
* બાળજગત સાથે સંકળાયેલ લયબદ્ધ કવિતાઓ અને આકર્ષક ચિત્રાત્મક રજૂઆત.
* જરૂરિયાત પ્રમાણે શિક્ષકો માટે શિક્ષણ સંકેત.
* પાઠની પૂર્વ તૈયારી માટે ચર્ચા બિંદુ.
* Flipbook with animation
* Teacher's support book containing lesson plan, answer of all question from textbook and few woksheets.



અનુભવી શિક્ષક અને શિક્ષિકાઓને અમારી વિનંતી છે કે સમય-સમય પર પોતાના વિચારો દ્વારા અને માર્ગદર્શન આપતા રહે. જેનાથી 'મધુકુંજ' ની આગળની આવૃત્તિઓમાં જરૂરી સુધારા લાવી શકાય.

શ્રેણી સંપાદકના સહયોગ બદલ અમે શ્રીમતી નયના પરમાર, શ્રીમતી પ્રીતા પીલય,પોદાર - ઈન્ટરનેશનલ સ્કુલ, વડોદરા અને શ્રીમતી શિલ્પાબેન દેસાઈ નો આભાર વ્યક્ત કરીએ છીએ.

—પ્રકાશક

*look for*
**More Worksheets**
for teachers of user schools on
www.websupport.madhubunbooks.com

@Madhubun Educational Books

# અનુક્રમ


- પ્રવૃત્તિ ૫
- ચિત્રવાર્તા ૬-૭
- વર્ણમાળા ૮
- ગીત - ચાંદામામા ૯

**૧. સ્વર અને માત્રાઓની ઓળખ ૧૦-૫૭**

- અ — બસ આવી ૧૧
- આ — જમવા આવ ૧૪
- ઇ — સિતાર વાગે ૧૮
- ગીત - વાંદરાભાઈ ૧૯
- ઈ — ગીતા અને વાણી ૨૨
- ચિત્રવાર્તા - માછલીઓની ચતુરાઈ ૨૬
- ઉ — ઢીંગલીની સાડી ૨૭
- ઊ — તડબૂચનો રસ ૩૨
- રુ — ગુટરુ કબૂતર ૩૪
- ઋ ૩૬
- ગીત— દુનિયાની અજાયબીઓ ૩૭
- બગીચાના ફૂલ ૩૮
- એ — વાઘની ત્રાડ ૪૦
- ઐ — સૈનિક સૈનિક રમીએ ૪૩
- ઓ — પોપટ અને મોર ૪૭
- ઔ — ગૌશાળા ૫૧
- ગીત— ગૌતમને આવ્યો તાવ ૫૩
- બારાક્ષરી ૫૪
- ચિત્રવાર્તા— બાનું રસોડું ૫૫-૫૬

**૨. અનુસ્વાર ૫૭-૫૮**

- અં — સંચિતનો પતંગ ૫૯






@Madhubun Educational Books

અં - આં - ઉં - ઊં ● ગીત- જાદુ જોવા જઈએ ૬૧

હું - મારું કુટુંબ ૬૩-૬૪

૩. ક્ષ, ત્ર, જ્ઞ, શ્ર - સંયુક્તાક્ષર ૬૫

૪. ગીત - રીંછ એકલું ૬૬

૫. અંક ૬૭

૬. ચિત્ર વર્ણન ૬૮-૬૯

૭. ચાલો વાંચન કરીએ. ૭૦

- વર્ષારાણી ૭૦
- હું કોઈને નહીં મારું ૭૧-૭૩
- મેટ્રોની સફર ૭૪
- ડૉક્ટર જિરાફ - કાર્ટુન વાર્તા ૭૮
- શું તમે જાણો છો ? ૮૩
- હાથી રાજા ૮૪

૮. આ પણ જાણો ૮૫

રમતાં રમતાં... ૮૬-૮૭

ચિત્ર પાઠ ૮૮

ઉજાણીની મજા

વિચારો અને કહો ૯૧

ચિત્ર કોયડો ૯૨






@Madhubun Educational Books

# ૧. પ્રવૃત્તિ

❁ **કયાં શું રાખશો, ફૂલમાં રંગ ભરીને કહો.**






@Madhubun Educational Books

**સંકેત :** આ પ્રવૃત્તિ જાણકારી માટે છે. કઈ વસ્તુ ક્યાં રાખવી. બાળકો તેમની સુઝથી કહેશે. CD માંથી ચિત્રો બતાવો અને દરેક વસ્તુ વિશે પૂછો.

# ચિત્રવાર્તા




એક સસલાએ ગાજરનું બીજ જમીનમાં વાવ્યું થોડા દિવસમાં ગાજરનો છોડ બહુ જ મોટો થઈ ગયો. સસલાએ જોર લગાવ્યું પણ તેને ઉખાડી ન શક્યો. આની માટે તેણે ખિસકોલી અને વાંદરાની મદદ લીધી. પણ છોડ બહાર ન આવ્યો. પછી હાથીએ પણ જોર લગાવ્યું અને ગાજર જમીનમાંથી બહાર આવી ગયું. બધા જ ખુશ થઈ ગયા અને સાથે મળીને ગાજર ખાધું.

© Madhubun Educational Books



©Madhubun Educational Books

**સંકેત :** માંથી બાળકોને ચિત્ર બતાવો. શિક્ષિકા બાળકોની વિચારવાની શક્તિ ખીલવવા માટે અમુક પ્રશ્નો પૂછશે. વાર્તા સંભળાવો અને તેમાં સમાયેલા એકતા, મહેનત, દોસ્તી, મદદ, આનંદ જેવા જીવનમૂલ્યો વિશે ચર્ચા કરો.

# આપણી વર્ણમાળા

## સ્વર

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ | આ | ઇ | ઈ | ઉ | ઊ | ઋ |
| એ | ઐ | ઓ | ઔ | અં | અ: | |

## વ્યંજન

| | | | | |
|---|---|---|---|---|
| ક | ખ | ગ | ઘ | ઙ |
| ચ | છ | જ | ઝ | ઞ |
| ટ | ઠ | ડ | ઢ | ણ |
| ત | થ | દ | ધ | ન |
| પ | ફ | બ | ભ | મ |
| ય | ર | લ | વ | |
| શ | ષ | સ | હ | |
| ળ | ક્ષ | જ્ઞ | ત્ર | શ્ર |

@Madhubun Educational Books

❁ **નીચેના ચિત્રોમાં આપેલ વર્ણોને ઓળખી વર્ણમાળામાં આપેલ રંગ પ્રમાણે રંગ ભરો.**




**સંકેત :** બાળકો વર્ણમાળા શીખી ચૂક્યા છે. નવા ધોરણમાં પુનરાવર્તન કરાવો. આખી વર્ણમાળા ઈ-બુક (CD) દ્વારા બાળકોને દેખાડો.

# ગીત

## ચાંદામામા

ચાંદામામા ચાંદામામા રમો અમારી સાથે
નાનાં નાનાં બાળ બોલાવે આવો અમારી પાસે.
ક્યારેક નાનાં ક્યારેક મોટાં,
અજબ ગજબના થાઓ છો.
તારલિયાની સંગે સંગે
જગ આખુ અજવાળો છો.
વાદળ સાથે સંતાકૂકડી
રમતા રમતા આવો છો
રંગે તમે રૂપાળાં છો
પાથરતા જગમાં અજવાળાં છો.
ચાંદામામા ચાંદામામા રમો અમારી સાથે
નાનાં નાનાં બાળ બોલાવે આવો અમારી પાસે



સંકેત : CD માંથી કવિતા સંભળાવો. કવિતા ગાવા અને આનંદ લેવા માટે છે. બાળકો સાથે ચંદ્ર અને તારા વિશે વાત કરો.



@Madhubun Educational Books

# ૧.સ્વર અને એની માત્રાઓની ઓળખ

# અ



અજગર



અખરોટ

**વાંચો: (Read)**

| | | | |
|---|---|---|---|
| અમર | અટલ | અસલ | અક્ષર |
| અજર | અજગર | અજબ | અક્ષય |
| અસર | અમન | અક્ષત | અવધ |

❁ જે ચિત્રના નામમાં પહેલો અક્ષર 'અ' છે તેની સાથે જોડો.




© Madhuban Educational Books



ઘર



કમળ



બરફ

## વાંચો: (Read)

| | | | | |
|---|---|---|---|---|
| ગજ | રજ | ફળ | નળ | દસ |
| બસ | હવન | ચરણ | કદમ | રટણ |
| રથ | હરણ | વતન | વચન | ગગન |

@Madhubun Educational Books



## બસ આવી

રજત આગળ પાછળ જો<br>
રજત બસ પકડ.<br>
ઝટપટ ચઢ.<br>
બસમાં ફરવા જા.<br>
બસમાંથી ઊતર.<br>
બાગમાં જા.<br>
અમન સાથે રમ.

# આ

આ



આકાશ



આસન

**વાંચોઃ (Read)**

| | | | |
|---|---|---|---|
| આપ | આજ | આરવ | આઠ |
| આળસ | આશ્રય | આગળ | આશ્રમ |
| આકાર | આદર | આરસ | આગમન |

❁ **ચિત્રનું નામ બોલી પ્રથમ ધ્વનિ લખો.**



આ....




....આ....



..............



..............



..............

©Madhubun Educational Books

# આ - ા



હાથ



નાક



કાન



વાળ

## વાંચોઃ (Read)

| | | | | |
|---|---|---|---|---|
| ઝાડ | હાર | દાળ | ઘાટ | ઘાસ |
| આદર | ખાટલા | માટલાં | પાટલા | બાટલા |
| લાકડાં | સાકર | પાપડ | કાતર | સાબર |

@Madhubun Educational Books

❀ 'આ' ની માત્ર ' ા ' વાળા શબ્દ ઉપર ◯ બનાવો.

| | | |
|---|---|---|
| અજગર | આદર | રતન |
| આરવ | મગર | આકાશ |
| કલમ | વતન | વાસણ |

# જમવા આવ

આરવ અને માનવ જમવા આવ.

હાથ સાફ કર.

આસન ઉપર બેસ.

બા, જમવાનું આપ.

દાળ આપ, ભાત આપ.

શાક અને છાશ આપ.

પાપડ, અથાણાં આપ.

ખાવા માટે ખાજાં આપ.



## અભ્યાસ

**ઓળખો, વાંચો અને લખો. (Understand Read and Write)**

| | | |
|---|---|---|
| જળ | જાળ | .....જાળાં..... |
| ચળ | ચાળ | ............... |
| તર | તાર | ............... |
| નળ | નાળ | ............... |
| કળ | કાળ | ............... |
| ખડ | ખાડ | ............... |
| બળ | બાળ | ............... |

@Madhubun Educational Books

## ❁ ચિત્રને એના નામ સાથે જોડો. (Match the following)









ગાજર

તારા

તાળું

હાથ

કાન

નાક

આસન

ટામેટું









@Madhubun Educational Books

સંકેત : CD ની મદદથી ચિત્રો બતાવો. બાળકો ચિત્રોના નામ બોલશે અને શબ્દો વાંચશે.

# ઈ

ઈ





ઈમારત    ઈયળ

**વાંચોઃ (Read)**

| | | | |
|---|---|---|---|
| ઈસ | ઈલાયચી | ઈલાજ | ઈમામ |
| ઈરાદો | ઈશારો | ઈસમ | ઈયળ |

❁ **જે શબ્દોમાં 'ઈ' વર્ણ આવ્યો છે એમાં રંગ ભરો અને નોટબુકમાં લખો.**




@Madhubun Educational Books

# ઇ - િ



શિક્ષક



ઘડિયાળ



ઇમામ



સિતાર

## વાંચોઃ (Read)

| | | | |
|---|---|---|---|
| દિન | રિક્ષા | શિયાળ | સવિતા |
| ટિકિટ | વિમાન | વિજય | વિચાર |
| મિનિટ | નિશાન | ચિત્ર | જિરાફ |

❁ ચિત્રનું નામ ઉપર આપેલા શબ્દોમાંથી ઓળખીને લખો.










..............

ટિકિટ

..............

@Madhubun Educational Books

# સિતાર વાગે



નિધિ આવી. સિતાર લાવી.
ઈલા ઢોલક લાવી, મિહિર તબલાં લાવ્યો
હિરેન આવ, ગીત ગા.
સિતાર વાગે ઝન ઝન ઝનનન...
ઢોલક વાગે ઢમ ઢમ ઢમઢમઢમ...
તબલા વાગે ધિનક ધિનક ધિનતા...
ઝાંઝર વાગે છનક છનક છન..છન..છન..

@Madhuban Educational Books

## અભ્યાસ

❁ **ચિત્ર જોઈને નામ લખો.**

 ...............

 ...............

 ...............

 ...............

## ❁ કોણ શું લાવ્યું ?







નિધિ.....        ..............        ..............

## ❁ વાંચો અને લખો.(Read and Write)

| સિતાર | વિચાર | ગિટાર | કવિતા |
|---|---|---|---|
| .............. | .............. | .............. | .............. |
| .............. | .............. | .............. | .............. |

## ગીત ગાઓ

### વાંદરાંભાઈ



નાના અમથા વાંદરાંભાઈને સિનેમાનો શોખ
ટોપી પહેરી, ચશ્માં પહેર્યાં ઉપર ચઢાવ્યો કોટ.
બા પાસેથી પૈસા લીધાં, એના કેળાં લીધા સાત
સિનેમા જોતી વેળાએ ખાવાની છે વાત.
લાકડી લઈને રસ્તા ઉપર વટથી ચાલે આમ,
જ્યાંથી નીકળે ત્યાંથી એમને જુએ આખું ગામ.
પહેલા નંબરની ટિકિટ લીધી જોવા બેઠાં આમ,
સિનેમામાં થયો ધડાકો ગભરાઈ ગયા આમ.
ટોપી ફેંકી, ચશ્માં ફેંક્યા નાખી મોટી રાડ
કૂદતાં કૂદતાં ભાગી ગયાં, મળે ન એમની ભાળ.
નાના અમથા વાંદરાંભાઈને સિનેમાનો શોખ,
ટોપી પહેરી, ચશ્માં પહેર્યાં ઉપર ચઢાવ્યો કોટ.

**સંકેત :** કવિતા ગાવા અને આનંદ માટે છે. બાળકો સાથે વાંદરા વિશે વાત કરો. તેમને સમજાવો કે તે નકલ કરવામાં હોંશિયાર પ્રાણી છે. ટોપીવાળો ફેરિયો અને -------- .



Dhubun Education

# ઈ



ઈનામ



ઈદ

## વાંચોઃ (Read)

| | | | |
|---|---|---|---|
| ઈદ | ભાઈ | રાઈ | ખીચડી |
| ઈશ | મીઠાઈ | ચઢાઈ | વીજળી |
| ઈડલી | બાઈ | ચટાઈ | વાદળી |

❁ ચિત્રમાં રંગ પૂરો.



Education

# ઈ - ી



માછલી



બકરી



ઈડલી



ચકરડી

@Madhubun Educational Books

**વાંચોઃ (Read)**

| | | | |
|---|---|---|---|
| નદી | ખીર | ગીત | ચીમની |
| શરદી | કળી | ગીધ | નવી |
| દહીં | ગરમી | ધરતી | થાળી |

❀ ઈ ની માત્ર 'ી' લગાવી ચિત્રનું નામ પૂરું કરો.



દ···પક



કળ···



વ·જ·ળ

# ગીતા અને વાણી



વાણી ગીતાની મોટી બહેન છે.

દાદીમાંએ ખીર બનાવી.

ખીર ખાઈને ગીતા બહાર ગઈ.



બહાર વાણી વાર્તાની ચોપડી વાંચતી હતી.

તે વાર્તા એક છોકરીની હતી.

વાર્તાનું નામ - ''ભોળી છોકરી'' હતું.



તે છોકરી ઘણી ભોળી હતી.

તે બધાની મદદ કરતી હતી

## અભ્યાસ

**લખો. (Write)**

૧. ગીતાની મોટી બહેનનું નામ શું હતું ? ....**વાણી**....

૨. દાદીમાં શું બનાવે છે ? ...............

૩. વાણી શું વાંચી રહી હતી ? ...............

૪. વાર્તાનું નામ શું હતું ? ...............

**સંકેત :** બાળકોને CD ની મદદથી વાર્તા સંભળાવો. શિક્ષિકા વાર્તા વાંચશે અને બાળકો પાસે વંચાવશે. સવાલ અને જવાબની મૌખિક ચર્ચા કરી બાળકોને જવાબ લખવાનું કહો.

@Madhuban Educational Books

❁ **ચિત્રનું નામ લખો.**

   

...માછલી...  ...............  ...............  ...............

❁ **યોગ્ય જગ્યાએ શબ્દ લખો.** (Arrange the following words)

વિશાળ, ધરતી, ચોપડી, વિમાન, ફરકડી, નિશાળ

| િ | ી |
| --- | --- |
| ...વિશાળ... | ...ધરતી... |
| ............... | ............... |
| ............... | ............... |

❁ **" િ અને ી " ની માત્રાવાળા કોઈ પણ બે નામ શોધીને લખો.**

.....................  .....................

❁ કોઈ પણ એવા બે ચિત્રો શોધો જેના નામ િ કે ી / ઇ કે ઈ થી શરૂ થતા હોય. ચિત્રો કાપીને નોટબુકમાં લગાવો.

@Madhubun Educational Books

# ઉ

ઉ



ઉપહાર



ઉપવન

**વાંચોઃ (Read)**

| | | | |
|---|---|---|---|
| ઉર | ઉમા | ઉછળ | ઉધરસ |
| ઉષા | ઉગાર | ઉદય | ઉકાળ |

**પંક્તિમાં આપેલા ચિત્રોમાં જે અલગ છે ત્યાં ☺ બનાવો.**



©Madhubun Educational Books

# ઉ - ુ



બુલબુલ



ગુલાબ



ટુવાલ

**વાંચોઃ (Read)**

| | | | |
|---|---|---|---|
| પુલ | સુધા | સુભાષ | સુર |
| ગુરુ | સુથાર | મધુર | ગુણ |
| સાબુ | કુમુદ | અરુણ | મુગટ |

❁ જુઓ અને લખો.

| | | | | |
|---|---|---|---|---|
| ગ | ગા | ગિ | ગી | ગુ |
| ગૂ | | | | |

**સંકેત :** આવી જ રીતે અન્ય વ્યંજનોમાં પણ અત્યાર સુધી શીખેલી માત્રાઓ લગાવડાવીને વાંચન કરાવો. શબ્દોનું સાચું ઉચ્ચારણ CD માંથી સંભળાવો.

@Madhubun Educational Books

# માછલીઓની ચતુરાઈ




©Madhubun Educational Books

**સંકેત :** CD માંથી સ્ક્રીન ઉપર ચિત્રો બતાઓ. ''માછલીઓની ચતુરાઈ''. માછલીઓ મગરની સામે ગભરાતી નથી - તરત જ બચાવનો રસ્તો શોધે છે. તે બધી જ એક સાથે કૂદે છે. પાણી મગરની આંખોમાં જાય છે. અને તેની આંખો બંધ થઈ જાય છે. માછલીઓ ત્યાંથી ભાગી જાય છે. ચિત્ર બતાવીને બાળકોને પૂછો કે - જો તમે માછલીની જગ્યાએ હોવ તો શું કરતાં ? - જો તમને તમારો મિત્ર હેરાન કરે તો શું કરશો ?

# ઢીંગલીની સાડી



એક ઉંદરડી હતી.

આખો દિવસ તે આમ-તેમ કોતરતી રહેતી.

એક દિવસ રીનાની ઢીંગલી બહાર પડી હતી.

ઉંદરડી ઢીંગલી પાસે ગઈ.



કટ.. કટ..કટ કરતી ઉંદરડી કોતરવા લાગી.

તેણે ઢીંગલીની સાડી કોતરી નાખી. રીના દોડતી આવી.

ઉંદરડી બીકની મારી ભાગી ગઈ.

રીના ઢીંગલી ઉપાડીને ઘરમાં લાવી.



@Madhubun Educational Books

રીના બહુ જ ઉદાસ થઈ ગઈ.

દાદીમાં કપડું લાવ્યા.

ઢીંગલી માટે નવી સાડી બનાવી.

નવી સાડી પહેરીને ઢીંગલી ખુશ થઈ ગઈ.

હવે રીના પણ ખૂબ રાજી થઈ ગઈ.





@Madhubun Educational Books

## અભ્યાસ

### ચિત્ર જોઈને કહો. (મૌખિક) (Oral Expression)

૧. ઢીંગલી કોની હતી ?

૨. સાડી કોણે કોતરી ?

૩. રીનાને શું થયું ?

૪. નવી સાડી કોણે બનાવી ?

**સંકેત :** આ વાર્તાને CD ની મદદથી બાળકોને સંભળાવો.

## ❁ વાક્ય પૂરા કરો. (Fill in the blanks)

| |
|---|
| કપડું |
| કોતરી |
| સાડી |
| ઉંદરડી |

૧. ઉંદરડી સાડી .................. ગઈ.

૨. .................. ભાગી ગઈ.

૩. દાદીમાં .................. લાવ્યા.

૪. ઢીંગલીની નવી .................. બનાવી.

## ❁ તમારી ઢીંગલી માટે બે નામ વિચારીને લખો.

..................  ..................

## ❁ તમારી પાસે ઢીંગલીની કઈ કઈ વસ્તુ છે તેની સામે ✓કરો.

 ◯  ◯  ◯

 ◯  ◯  ◯

## ❁ ચાલો ઢીંગલી બનાવીએ :

આપણને જોઈશે • આઈસ્ક્રીમની ચમચી • કાળા રંગનું ઊન • બે કાળી અને એક લાલ બિંદી • માળા • સાડી માટે કપડું • ફેવિકોલ




@Madhubun Educational Books

# ઊ

ઊ



ઊન



ઊછળવું

## વાંચોઃ (Read)

| | | |
|---|---|---|
| ઊસ | ઊગ | ઊગર |
| ઊન | ઊણા | ઊણપ |

❀ **શબ્દ વાંચો. જે અક્ષર દરેક શબ્દમાં આવ્યો છે તે લખો.**

આરામ, આજ, આસન, આગળ, આગ — ..આ..

ઉષા, ઉછળ, ઉર, ઉદય, ઉમા — ........

ઈયળ, ઈરાદો, ઈશારો, ઈજારો, ઈમામ — ........

@Madhuban Educational Books



સંકેત : CD માંથી બાળકો શબ્દોનું ઉચ્ચારણ ધ્યાન પૂર્વક સાંભળશે.

# ઊ - ૂ



સૂરજ



મૂછ



કબૂતર

©Madhubun Educational Books

**વાંચોઃ (Read)**

| | | | |
|---|---|---|---|
| બૂમ | ધૂળ | મજૂર | તડબૂચ |
| દૂધ | શૂળ | ફૂદડી | કબૂતર |
| દૂર | કૂવા | ભૂખ | નૂતન |

## ❁ ચિત્રને સાચા નામ સાથે જોડો. (Match the following)



તડબૂચ



દૂધ



કબૂતર



મૂળો

સંકેત : 'ઉ' અને 'ઊ' ના ઉચ્ચારણ અને માત્રાનો તફાવત બાળકોને સમજાવો.

# તડબૂચનો રસ



માળીકાકા આવ્યા.

તડબૂચ અને ટેટી લાવ્યા.

પૂજા, ટેટી કાપીને ખવડાવ.

ટેટી બહુ જ ગળી છે.



જૂહી હવે તડબૂચ લાવ.

તડબૂચની ચીરી કાપ.

વાહ, કેવું લાલ તડબૂચ.

બીજ કાઢીને ખાઓ.

તડબૂચનો રસ કાઢો.

લાલ લાલ તડબૂચ લાલ લાલ રસ.

નૂતન અહીંયા આવ,

તડબૂચનો લાલ લાલ રસ પી.

વાહ, કેટલો ગળ્યો રસ !

@Madhubun Educational Books

## અભ્યાસ

❀ **લખો. (Write)**

૧. માળીકાકા શું શું લાવ્યા ? ........................

૨. ટેટી કેવી હતી ? ........................

૩. તડબૂચ કેવા રંગનું હતું ? ........................

સંકેત : CD માંથી પાઠનું વાંચન સંભળાવો. તડબૂચ અને ટેટીનું ચિત્ર પણ બતાઓ.

## ❀ કોણે શું કર્યું ?



રસ પીધો



ટેટી કાપી

પૂજા

જૂહી

નૂતન

માળી



ટેટી અને તડબૂચ લાવ્યા



તડબૂચ કાપ્યું

## ❀ સાચો શબ્દ પસંદ કરી ચિત્રના નામ લખો.
(Arrange the words)


......સૂરજ......


............


............


............


............


............

ઉંદર

સૂરજ

કબૂતર

કાજુ

સૂપ

બૂટ

## ❀ ચિત્રના નામ ઉપર ◯ બનાવો.

| | | | |
|---|---|---|---|
|  | ઝુમ્મર | ફુવારો | મુગટ |
|  | જુલાબ | ગુલાબ | ગુલાલ |
|  | પૂડો | બૂચ | મૂળો |

સંકેત : સ્ક્રીન પર પાઠ બતાવો અને પહેલાં મૌખિક અભ્યાસ કરાવો.

©Madhubun Educational Books

# ગુટરુ કબૂતર



એક કબૂતર હતું.

તેને ઘણી ભૂખ લાગી હતી.

લીમડાની ડાળી પર બેસી ગુટર..ગૂં...કરતું હતું.

રુચિતા એક છાબડી લાવી.

જમરૂખ, ચીકુ અને સંતરું પણ લાવી.

રુચિતા છાબડી મૂકીને જતી રહી.

ઘરની બારી ખુલ્લી હતી.

ગુટરુ ઊડીને અંદર આવી ગયું.

ગુટરુ ચીકુ ખાતુ હતું ત્યારે રુચિતા ઓરડામાં આવી.

તે મુઠ્ઠી ભરીને બાજરી લાવી.

ગુટરુ દાણા ચણીને ઊડી ગયું.

## અભ્યાસ

### જવાબ લખો.

૧. કોને ભૂખ લાગી હતી ? ..................

૨. રુચિતા શું મૂકીને ગઈ ? ..................

૩. ગુટરુ કેવી રીતે અંદર આવ્યું ? ..................

૪. ગુટરુએ શું ખાધું ? ..................

### રુ અથવા રૂ લખીને નામ પૂરું કરો. (Fill in the blanks)



........માલ



જમ........ખ





........પિયા

સંકેત : 'રૂ' લખવાનો અભ્યાસ કરાવો. રુ અને રૂ વાળા શબ્દો નોટબુકમાં લખવો. જેવા કે - રૂપ, રૂબરૂ, રુદન, રુઆબ

@Madhubun Educational Books

## ❁ પક્ષીઓના ચિત્રોમાં રંગ ભરો.



ટેં ટેં ટેં



ગૂટર - ગૂં - ગૂટર - ગૂં



ચીં ચીં ચીં



કૂઉ કૂઉ કૂઉ



કા.. કા.. કા..

@Madhubun Educational Books

**કંઈક નવું :**

- માતા-પિતા સાથે વહેલી સવારે પક્ષીઓ જોવા માટે જાઓ. વિવિધ પક્ષીઓને જુઓ અને તેમના અવાજને સાંભળો.
- જૂની ચોપડી કે છાપામાંથી કોઈ પણ ચાર પક્ષીઓના ચિત્રો કાપીને તમારી નોટબુકમાં ચોંટાડો અને તેમના નામ લખો.
- પક્ષીઓ શું શું ખાય છે ? એ જાણો.
- દાદા-દાદી કે નાના-નાની જોડેથી પક્ષીઓની વાર્તાઓ સાંભળો.
- પક્ષીઓનું ગીત – આવો પારેવાં આવોને ચકલાં ચોકમાં દાણાં નાખ્યા છે.